# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-07-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Tuesday** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

****************************************************

- ✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે 2024-25નું બજેટ રજૂ કર્યું- કૃષિ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો, ઉત્પાદન અને માળખાકીય ક્ષેત્રો પર ભાર મૂકતાં શ્રેણીબદ્ધ પગલાં જાહેર કર્યાં.
- ✓ પગારદાર કરદાતાઓ માટે સ્ટાન્ડર્ડ ડિડક્શન 50 હજાર રૂપિયાથી વધારીને 75 હજાર રૂપિયા કરાયું.. કરમાળખામાં ફેરફાર કરાયો.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બજેટને આવકારતાં જણાવ્યું કે, આ અંદાજપત્ર સમાવેશી વિકાસ, સમાજના દરેક વર્ગને લાભકારી નીવડશે.. કોંગ્રેસે અંદાજપત્રની ટીકા કરી.
- ✓ દેશના ઉદ્યોગ જગતે અંદાજપત્રને આવકાર્યું....
- ✓ રાષ્ટ્રીય જળ જીવન મિશને દેશના 15 કરોડ ગ્રામીણ કુંટુબોને પાણીનાં નળ જોડાણ પૂરા પાડવાની ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી.
- ✓ સર્વોચ્ચ અદાલતે નીટ- યુજી 2024નું પ્રશ્નપત્ર ફૂટી જવાના અને ગેરરીતીઓના આધારે પરીક્ષા રદ કરવાનો ઇન્કાર કર્યો.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# BUDGET

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે નાણાકીય વર્ષ 2024-25નું બજેટ રજૂ કર્યું હતું. લોકસભામાં બજેટ રજૂ કરતા સુશ્રી સીતારમણે કૃષિ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ એકમો- એમએસએમઇ એકમો, ઉત્પાદન અને માળખાકીય ક્ષેત્રો પર ભાર મૂકતાં શ્રેણીબધ્ધ પગલાં જાહેર કર્યા હતા. પગારદાર કર્મચારીઓને સ્ટાન્ડર્ડ ડિડક્શનમાં વધારો અને નવી કર પ્રણાલિ હેઠળ કર માળખામાં ફેરફાર દ્વારા મોટી રાહત આપવામાં આવી છે.

એનડીએ સરકારની ત્રીજી મુદતનું પ્રથમ બજેટ રજૂ કરતા નાણા મંત્રીએ જણાવ્યું કે, વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરવા કુલ નવ પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવી છે, જેમાં ખેતીની ઉત્પાદકતા વધારવા, યુવાનોમાં રોજગારી અને કાર્યકુશળતા વધારવા, માનવ સંસાધન વિકાસ, સામાજિક ન્યાય, શહેરી વિકાસ, ઉત્પાદન અને સેવા ક્ષેત્રમાં સુધારો, ઊર્જા સલામતી, સંશોધન અને વિકાસનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું કે, ગરીબો, મહિલાઓ, યુવાનો અને ખેડૂતોનાં કલ્યાણ પર સરકારનું વિશેષ ધ્યાન છે. અનેક વૈશ્વિક અવરોધો છતાં ભારતીય અર્થતંત્રને નોંધપાત્ર દેખાવ કર્યો છે અને આગામી વર્ષોમાં સૌથી ઝડપથી વૃધ્ધિ પામતુ અર્થતંત્ર બનશે.

પ્રથમ નોકરી કરનાર કર્મચારી માટે નવી સ્કીમ જાહેર કરવામાં આવી છે, જેમાં સરકાર એક લાખ રૂપિયા સુધીની માસિક આવક

ધરાવનાર વ્યક્તિ કર્મચારી ભવિષ્ય નિધીમાં નોંધણી કરાવશે તો તેને ત્રણ હપ્તામાં રૂપિયા 15 હજાર ચૂકવવામાં આવશે.

દેશની પાંચ સો કંપનીઓમાં પાંચ કરોડ યુવાનોને ઇન્ટર્નશીપ પર રાખવામા આવશે, જેમાં પાંચ હજાર રૂપિયા ભથ્થુ અને છ હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે. પગારદાર કરદાતાઓને રાહતમાં સ્ટાન્ડર્ડ ડિડક્શન પચાસ હજાર રૂપિયાથી વધારીને 75 હજાર રૂપિયા કરવામાં આવ્યું છે.

ફેમિલી પેન્શનર્સ માટેનું સ્ટાન્ડર્ડ ડિડક્શન પણ 15 હજાર રૂપિયાથી વધારીને 25 હજાર કરવામાં આવ્યું છે. નવી કર પ્રણાલિ માટે કર માળખું સુધારવામાં આવ્યું છે, જેમાં રૂપિયા ત્રણ લાખ સુધીની આવક પર કોઈ વેરો નહીં લાગે. આગામી બે વર્ષમાં એક કરોડ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવામાં આવશે. સોના અને ચાંદી પરની કસ્ટમ્સ ડ્યુટી ઘટાડીને છ ટકા અને પ્લેટિનમ પરની ડ્યુટી 6.4 ટકા કરવામાં આવી છે.

પીએમ આવાસ યોજના 2.0 હેઠળ એક કરોડ શહેરી ગરીબ અને મધ્યમવર્ગનાં પરિવારો માટે આવાસ બનાવવા 10 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્રપ્રદેશને આવરીને પૂર્વનાં રાજ્યોનાં સર્વાંગી વિકાસ માટે પૂર્વોદયા યોજના ઘડવામાં આવી છે.

બજેટમાં સુક્ષ્મ, નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમો-એમએસએમઇ અને ઉત્પાદન પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. મુદ્રા લોનની મર્યાદા 10 લાખ રૂપિયાથી વધારીને 20 લાખ રૂપિયા કરવામાં આવી છે. ખેડૂતો માટેની સહાય જાહેર કરતા સુશ્રી સીતારમણે જણાવ્યું કે,

જમીન નોંધણીમાં છ કરોડ ખેડૂતોની માહિતી આપવામાં આવશે અને પાંચ રાજ્યોમાં નવા કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવશે.

નાણા મંત્રીએ વ્યક્તિગત કરદાતાઓને રાહત આપી છે. નવી કર વ્યવસ્થા હેઠળ પગારદાર કર્મચારીઓ માટે સ્ટાન્ડર્ડ ડિડક્શન 50 હજાર રૂપિયાથી વધારીને 75 હજાર રૂપિયા કરવામાં આવ્યું છે.

સરકારે નવી કર વ્યવસ્થા હેઠળ કર માળખામાં ફેરફાર કર્યો છે. ત્રણ લાખ રૂપિયા સુધીની આવક પર કોઇ કર નહીં લાગે. ત્રણ લાખથી સાત લાખ રૂપિયા સુધીની આવક પર પાંચ ટકા, સાત લાખથી 10 લાખ રુપિયા સુધીની આવક પર 10 ટકા અને 10 લાખથી 12 લાખ રૂપિયા સુધીની આવક પર 15 ટકા વેરો લાગશે.

## EVE.-PM--BUDGET-REAX.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બજેટને આવકારતાં જણાવ્યું હતું કે, આ અંદાજપત્ર સમાવેશી વિકાસ, સમાજના દરેક વર્ગને લાભકારી નીવડશે અને વિકસિત ભારતનો માર્ગ પ્રશસ્ત કરશે. રાષ્ટ્રને વિકાસની નવી ઉંચાઇએ લઇ જનારા અંદાજપત્ર માટે પ્રધાનમંત્રીએ તમામ નાગરિકોને અભિનંદન આપ્યા છે. તેમણે વધુમાં આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- પીએમ)**

## MINISTER--RAILWAYS-BUDGET

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, બજેટમાં રેલવે માટે અત્યાર સુધીની સૌથી વધુ બે લાખ 62 હજાર કરોડની ફાળવણી કરવામાં આવી છે. તેમણે વધુમાં આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- અશ્વિની વૈષ્ણવ)**

## OPPOSITION-BUDGET--REAX

કોંગ્રેસે અંદાજપત્રની ટીકા કરી છે અને આવકની અસમાનતા ઘટાડવામાં ઉણું ઉતર્યું હોવાનું કહ્યું છે. કોંગ્રેસી સાંસદ શશિ થરૂરે સંસદ બહાર પત્રકારો સમક્ષ બોલતાં કહ્યું કે, અંદાજપત્રમાં મનરેગા વિશે કોઇ ઉલ્લેખ કરાયો નથી..

સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવે પણ કેન્દ્રીય અંદાજપત્ર ફૂગાવો નાથવામાં અને બેરોજગારી ઘટાડવામાં નિષ્ફળ રહ્યું હોવાનું કહીને તેની ટીકા કરી છે. તેમણે ખેડૂતો માટે પણ તેમાં કશું નક્કર નહીં હોવાનો આક્ષેપ કર્યો હતો.

શીવસેના- ઉધ્ધવ ઠાકરે જૂથના નેતા પ્રિયંકા ચર્તુવેદીએ અંદાજપત્રમાં મહારાષ્ટ્ર માટે કશું જ નક્કર નહીં મૂકવા બદલ સવાલ ઉઠાવ્યો છે. ડીએમકે અને ટીએમસીના સાંસદોએ પણ આ અંદાજપત્રની ટીકા કરી છે.

## EVE.-BUDGET---FICCI

દેશના ઉદ્યોગ જગતે 2024-2025ના કેન્દ્રીય અંદાજપત્રને આવકાર્યું છે. ઉદ્યોગ મહાસંઘ- ફીક્કીના અધ્યક્ષ અનિષ શાહે આજે નવી

દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં અંદાજપત્રની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે, અંદાજપત્ર વૃધ્ધિલક્ષી છે અને યુવાનો, મહિલાઓ અને ખેડૂતો સહિત અનેક વર્ગો પર ધ્યાન કેન્દ્રીત કરે છે.

અન્ય એક કંપનીના પ્રબંધન નિયામક ગૌરવ ભગતે પણ કહ્યું હતું કે, સોનુ, ચાંદી અને પ્લેટીનમ પરની આયાત- જકાતમાં ઘટાડો, આ ધાતુઓ આયાત કરનારા ઉદ્યોગો માટે બહુ ફાયદાકારક છે.

## GOYAL-BUDGET

વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પિયૂષ ગોયલે કેન્દ્રીય અંદાજપત્ર નવ પ્રાથમિકતાઓ પર સતત ધ્યાન કેન્દ્રીત કરનારું ગણાવીને તેને ઉત્કૃષ્ટ હોવાનું કહ્યું છે.

તેમણે આશા વ્યક્ત કરી છે કે, આગામી વર્ષોમાં તે દેશને વિકાસના પથ પર દોરી જશે અને મહત્વના વિવિધ ક્ષેત્રોમાં અપાર તકોનાં દ્વાર ખોલશે. તેમણે ઉમેર્યું કે, આ અંદાજપત્ર દેશની સુષુપ્ત શક્તિઓમાં, ખાસ કરીને યુવાનોમાં નવી આશાનો સંચાર કરશે અને ગરીબો, મહિલાઓ તથા ખેડૂતો માટે સમૃધ્ધિનો માર્ગ કંડારશે.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે, બિહારના મુખ્યમંત્રી નિતીશકુમાર અને પુદુચેરીના મુખ્યમંત્રી એન. રંગાસ્વામીએ પણ કેન્દ્રીય અંદાજપત્રની પ્રશંસા કરી છે.

## IMPORTANT ANNOUNCEMENT

**એક અગત્યની જાહેરાત..**

સંસદમાં આજે રજૂ થયેલા અંદાજપત્ર અંગે આકાશવાણી અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા આજે રાત્રે સવા નવ વાગ્યે વિશેષ ચર્ચા પ્રસારિત કરાશે. વરિષ્ઠ પત્રકાર જયવંત પંડ્યા અને પ્રાદેશિક સમાચાર વિભાગના અનિલ પટેલ આ ચર્ચામાં ભાગ લેશે. આકાશવાણી અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી તેમજ વિવિધ ભારતીના 96.7 એફ એમ પરથી આ કાર્યક્રમ સાંભળી શકાશે. તો અચૂક સાંભળશો.. આજના અંદાજપત્ર અંગેની વિશેષ ચર્ચા આજે રાત્રે સવા નવ વાગે...

**અગત્યની જાહેરાત પૂરી થઇ..**

## JAL-JEEVAN-MISSION

રાષ્ટ્રીય જળ જીવન મિશને દેશના 15 કરોડ ગ્રામીણ કુંટુબોને પાણીનાં નળ જોડાણ પૂરા પાડવાની ઐતિહાસિક સિધ્ધી હાંસલ કરી છે. આ અભિયાને કેવળ પાંચ જ વર્ષમાં 12 કરોડ નવા જોડાણ પૂરા પાડ્યાં છે. 2019 સુધી દેશના ગ્રામ વિસ્તારોમાં 3 કરોડ ઘરોને નળથી પાણી મળતું હતું. 2018માં આ અભિયાન અંતર્ગત 2024 સુધીમાં દેશના ગ્રામ વિસ્તારોના તમામ ઘરોને નળથી પાણી પુરુ પાડવાનો લક્ષ્યાંક રખાયો હતો.

જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે આજે કહ્યું કે, આ સિધ્ધીએ ગ્રામજનોને કેવળ ચોખ્ખા પાણીની જ ભેટ નથી આપી, પરંતુ તેમના જીવનધોરણમાં સુધારો કર્યો છે.

## SC-NEET

સર્વોચ્ચ અદાલતે પૂર્વ સ્નાતક પ્રવેશ પરીક્ષા- નીટ યુજી 2024 પરીક્ષા પ્રશ્નપત્ર ફૂટી જવાના અને ગેરરીતીઓના આધારે રદ કરવાનો ઇન્કાર કર્યો છે. મુખ્ય ન્યાયાધીશ ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા અને ન્યાયમૂર્તિ મનોજ મિશ્રાની બનેલી ખંડપીઠે આજે આ ચૂકાદો આપ્યો.

અદાલતે કહ્યું હતું કે, સમગ્ર પરીક્ષાની પવિત્રતાને અસર કરતાં હોય તે રીતે પેપર ફૂટ્યું હોય તેવા કોઇ નિર્દોષ કે પૂરાવા મળ્યા નથી. સમગ્ર પરીક્ષા ફરી લેવાના આદેશથી 23 લાખ જેટલા વિદ્યાર્થીઓ પર ગંભીર અસરો પડશે અને શૈક્ષણિક સત્રનું સમયપત્ર ખોરવાશે. પરિણામે આગામી વર્ષોના શિક્ષણ ઉપર પણ બહુગામી અસર પડશે. તેથી સમગ્ર પરીક્ષા રદ કરી શકાય નહીં.

## ETHIOPIA-LANDSLIDE

પૂર્વ આફ્રિકન દેશ ઇથિયોપિયામાં જમીન ધસી પડવાની મૃત્યુ પામેલાનો આંક વધીને આજે 155 થયો છે. સત્તાવાર પ્રસાર માધ્યમોએ જણાવ્યું કે, ઇથિયોપિયાના દક્ષિણી જીલ્લા ગેઝે ગોફા જીલ્લામાં ગઇકાલે સવારે આ દુર્ઘટના ઘટી હતી. અત્યાર સુધી બાળકો અને મહિલાઓ સહિત 55 મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. બચાવ કામગીરી હજી ચાલુ હોવાથી દુર્ઘટનામાં મૃત્યુ પામેલાનો આંક વધવાની દહેશત છે.

હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી હોવાથી અનરાધાર વધવાથી ઇથિયયોપિયાના કેટલાક ભાગોમાં વારંવાર ભેખડો ધસી પડવાની ઘટનાઓ બનતી રહે છે.